સહભાગી સિંચાઈ વ્યવસ્થાના
અમલીકરણ બાબત.

---

ગુજરાત સરકાર,
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્ર ક્રમાંક-પીઆઈએમ-૨૦૦૭-૩૧૩-(૫)-ક-૧(એમઆઈસેલ),
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૨/૨૦૧૦.

<u>પરિપત્રઃ</u>-

જાહેર સિંચાઈના સંશાધનોથી મહત્તમ સિંચાઈ શકિત ઉભી કરવા અને પરિણામે રાજયની ખેત પેદાશમાં અને તેની ગુણવત્તામાં વધારો થાય એ હેતુથી સહભાગી સિંચાઈ વ્યવસ્થાનું અમલીકરણ અનિવાર્ય છે. જેથી આ યોજના અંતર્ગત સિંચાઈકારોને વધુને વધુ સામેલ કરવા માટે પ્રિન્ટ અને ઈલેકટ્રોનિકસ મીડીયા મારફતે બહોળો પ્રચાર અને પ્રસાર થાય તેવી કામગીરી હાથ પર લેવી જરૂરી બને છે.

(૧) આ અંગે જરૂરી પોસ્ટર્સ તૈયાર કરવા, નાના લીફલેટ તૈયાર કરવા.

(૨) જયાં જયાં સફળ પ્રયોગો ચાલતા હોય તેની આશરે ૨૦ મીનીટની વીડિયો ફિલ્મ તૈયાર કરવી.

(૩) દૂરદર્શન પરથી પ્રસારિત થતા કૃષિ દર્શન તેમજ આકાશવાણી ઉપરથી પ્રસારિત થતાં કૃષિ જગત કાર્યક્રમમાં પણ સફળ મંડળીઓ સાથે વાર્તાલાપ પ્રસારિત થાય તેમજ

(૪) ટી. વી. અને કેબલ દ્વારા પ્રાઈમ ટાઈમ પર અત્યંત ટુંકી ફિલ્મ પણ પ્રસારિત થાય તેવી કાર્યવાહી હાથ ધરવી.

જે જે વિસ્તારોમાં નહેર હોય અને પિયત વિસ્તારમાં પાણી જતું હોય ત્યાં જે તે વર્તુળ કચેરી તરફથી અગ્રતાના ધોરણે આ કામગીરી હાથ ધરવી.. કૃષિ મહોત્સવ દરમ્યાન પણ યોજાનાર પ્રદર્શનો અને કાર્યક્રમો દરમ્યાન આ કામગીરી હાથ ધરવી જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા (વાલ્મી) આણંદે પ્રચાર માટેનું જરૂરી સાહિત્ય તા.૧૫ માર્ચ ૨૦૧૦ સુધીમાં તૈયાર કરાવી અને સંબંધિત વર્તળ કચેરીઓને પહોંચતુ કરવાનું રહેશે, તથા વર્તુળ કચેરીએ કરવાની થતી કામગીરીનું માર્ગદર્શન તથા યોગ્ય સંકલન કરવાનું રહેશે. જેથી આગળની કાર્યવાહી વર્તુળ કચેરીઓ દ્વારા હાથ ધરી શકાય..

વાલ્મી આણંદએ ક્ષેત્રિય કક્ષાએ થયેલ કામગીરીનું મોનીટરીંગ કરી આ અંગે સરકારશ્રીમાં દર માસે જાણ કરવાની રહેશે.

( બી. એસ. પટેલ )
ખાસ ફરજ પરના અધિકારી (જસં.)
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

પાછળના પાને..

<u>નકલ સાદર રવાના પ્રતિ</u>,

- સચિવશ્રી (જસં.) ના અંગત સચિવશ્રી, ન. જ. સં. પા. પુ. અને ક. વિ., સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂં
- સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, ન. જ. સં. પા. પુ. અને ક. વિ., સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા (વાલ્મી), આણંદ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં
- સર્વે અધિક્ષક ઈજનેરશ્રી તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.
- સીલેકટ ફાઈલ.